R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 16 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH JUNE 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# ગર્વથી કહો અમે કેડીઓ છીએ



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

## સર્વે વાચકોને કચ્છી નવું વરસ-અષાઢી બીજની હાર્દિક વધાઈ...

એમ કહેવાય છે ઓસવાલો મૂળ ઓસિયા, રાજસ્થાનના ક્ષત્રિયો હતા. જૈન સંતોની પ્રેરણાથી જૈન ધર્મ અપનાવ્યો. મોગલોનો ત્રાસ સહન નહીં થતા ફરતા ફરતા કચ્છના રાજાએ આશરો આપતાં આશરે ૪૦૦-૫૦૦ વર્ષ પહેલાં કચ્છમાં સ્થાયી થયા. કદઓ અબડાસા તાલુકામાં સ્થાયી થયા અને જૈન ધર્મમાં શીથીલતા દુર થતાં ફરી જૈન ધર્મમાં આસ્થા વધી. કચ્છની પરિસ્થિતીઓ બહુજ વિષમ હતી. એથી જ્ઞાતિજનોએ મુંબઇ તરફ નજર કરી અને શેઠ શ્રી નરશી નાથાનું મુંબઇ આગમન થતાં થોડાંજ વર્ષમાં જ્ઞાતિની ચડતી શરૂ થઇ. કપાસના ધંધામાં કદઓની ઈજારાશાહી થઇ ગઇ. કદઓ શેઠિયાઓએ મિલો ઉભી કરી, બેંક સ્થાપી અને શેઠશ્રી કેશવજી નાયકને તો બ્રિટીશ સરકારે 'સર' ખિતાબથી નવાજ્યા હતા.

શ્રી અનંતનાથજી દેરાસર, વિરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહ અને માતુશ્રી લક્ષ્મીબેન વીરજી કન્યા છાત્રાલય, અરિહંત બેંક, ૧૧૦ વર્ષથી પણ જુની ગદગની શાળા, મસ્જિદબંદરનો કુવારો વગેરે કદઓ જ્ઞાતિની આન-બાન અને શાનના પુરાવા છે.

અણિયાળી મુછો અને કદઓ પાઘડી આપણી ગર્વીલી જ્ઞાતિની ઓળખાણ હતી. દેશભરમાં જ્યાં જ્યાં કદઓ સ્થાયી થયા ત્યાં ત્યાં દૂધમાં જેમ સાકર ભળે એમ ભળી ગયા અને પોતાની આગવી ઓળખ ઉભી કરી.

છેલ્લા પચાસ વર્ષોમાં ઝડપથી બદલાતા સમયમાં શું આપણે આપણી વિરાસત ભૂલી ગયા છીએ? આપણે ભૂલી નથી ગયા પણ વખત આવ્યો છે કે આપણી વિરાસતની વાતો પાછી દોહરાવી જરૂરી છે. એની શરૂઆત થશે ત્યારે આપણે નમ્રતાપૂર્વક 'કેડીઓ છીએ' એ વાત માટે ગર્વ લઇ શકીશું.

પ્ર.સ. નું આ સુત્ર 'ગર્વથી કહો અમે કેડીઓ છીએ' જરૂરથી જ્ઞાતિ માટે નવી કેડી કંડારશે. કદઓ જ્ઞાતિની આન-બાન અને શાન વધારવામાં આપણી બહેનોનો પણ સિંહફાળો છે. તેથી પ્ર.સ.નું આ સુત્ર 'ગર્વથી કહો અમે કેડીઓ છીએ' બહેનો જરૂરથી ઝીલી લેશે અને વિવિધ સંસ્થાઓ, મહાજનો અને મંડળોના યુવા વ્યવસ્થાપકો જરૂરથી આ સુત્રને વધાવી લેશે.

કદઓ એ ચારે દિશામાં પ્રગતિ કરી છે. પોતાના સંસ્કારો, ધાર્મિક રીત રસમો, પહેરવેશ (ખાસ કરીને બહેનોએ) અને સામાજિક પરંપરાઓનું સારી રીતે જતન કર્યું છે. આ જોઇને આણી છાતી ગજાગજ ફુલવી જોઇએ અને દશે દિશાઓમાંથી 'દશાઇ'ની સુવાસ આવતી રહેવી જોઇએ.



## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

**શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી**

**તેરા (માટુંગા) ❖ અરિહંતશરણ : તા. ૬.૬.૨૦૨૩**

આપની વ્યવહાર કુશળતા, નેતૃત્વશક્તિ,
સચોટ માર્ગદર્શન તથા ઉદારતા સદૈવ યાદ રહેશે.
કદઓ જ્ઞાતિના ઉદાર દાનવીર, સેવાભાવી સહયોગી તથા
શિક્ષણપ્રેમી સજ્જન શ્રી હંસકુમાર શેઠને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

**પ્રકાશ સમીક્ષા સમિતી**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૧૬, તા. ૨૦-૦૬-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011

You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# વસ્તી પત્રકની કેડીઓ વીપી એપ

વસ્તી પત્રકની કેડીઓવીપી એપ અને આપણે, એ મથાડા હેઠળ વડોદરાના શ્રી નવીન પટેલે ખૂબજ માહિતી સભર લેખ લખ્યો છે. એ માટે એમનો આભાર અને બધા જ જ્ઞાતિજનો એ વાંચી જવા જેવો છે. લેખકે એમનું પુરું નામ અને અટક જણાવી હોત તો એમની પ્રોફાઈલ જોવા સુગમ થાત.




વસ્તી પત્રકની શરૂઆત વેબસાઈટ ઉપર થઈ અને એમાં બધા જ કેડીઓને મેસેજ આદાન પ્રદાન કરવાની અને ફ્રેન્ડશીપ કરવાની ફેસીલીટી હતી. પણ કદાચ એના ગેરઉપયોગના કારણે એ વ્યવસ્થા બંધ કરવામાં આવી એવું મારું માનવું છે. આનો ફાયદો એ હતો કે આપણા યુવાન યુવતીઓ જ્ઞાતિ માંજ ફ્રેન્ડશીપ કરી સંબંધો બાંધત.

વસ્તી પત્રક ની ડેઈલી રિમાઈન્ડર સર્વિસનો આપણા જ્ઞાતિજનો રોજ હજારો ની સંખ્યા માં લાભ લે છે. અને આપણા એપમાં બહારનાઓને એન્ટ્રી નથી. એમાં આપેલ માહિતી એકદમ સુરક્ષિત છે છતાં ઘણા લોકોએ પોતાના ફોટા નથી આપ્યા. પોતાનું નામ, પિતાનું નામ અને અટક ત્રણેય સરખા પ્રોફાઈલો પત્રકમાં છે. આવું હોય ત્યારે ફોટા ઉપરથી વ્યક્તિને ઓળખી શકાય. રોજની મરણ નોંધમાં અમુક સમાચારો આવ્યા જ નથી. એ તો વીપી માં વિગત ન આપનારની બેદરકારી જ ગણાય.

આપણા વસ્તી પત્રકની આવી સરસ માહિતી આપવા બદલ શ્રી નવીન પટેલને ધન્યવાદ અને પ્રકાશ સમીક્ષાના માધ્યમથી બધા જ જ્ઞાતિજનો ને વિનંતી કરૂં છું કે પોતાની પ્રોફાઈલ અપડેટ કરતા જાય.

**રમેશ જેઠાભાઈ નાગડા-કોચીન**

**મો. : ૯૪૪૭૭ ૬૮૭૪૦**

# બિપોરજોય : એક આંખે આંસુ બીજી આંખે ખુશી

કુદરતની લીલા ન્યારી. બિપોરજોય વાવાઝોડું કચ્છ પર ત્રાટકશે એવી મોસમ વિભાગની આગાહીએ બધાના જીવ અધ્ધર કરી રાખ્યા હતા. છેવટે કચ્છના સમુદ્રી માર્ગના એક જુના પ્રવેશદ્વાર જખૌના દરવાજે બિપોરજોયનો કચ્છમાં પ્રવેશ થયો. એજ જખૌથી અગાઉ જખ બહુતેરા કચ્છમાં પ્રવેશ્યા હતા. જખ તો કચ્છની જનતાને રાહત આપવામાં સફળ થયા પણ બિપરજોય તો જાણે એક આંખે ખુશી અને બીજી આંખે આંસુ આપવા આવ્યું ન હોય!

બિપોરજોય જોરદાર વેગીલા તોફાની પવન અને મુશળધાર વરસાદની સોગાત લઈને આવેલુ. જખૌમાં જોરદાર ભૂરાટા થયેલા પવનના કારણે ક્યાંક જોરદાર વરસાદ, ઘર પડી જવા, ઝાડ અને વિજળીના થાંભલા પડવાની ઘટનાઓ બની, પણ સદ્‌નસીબે જાનહાનીનો એકાદ અપવાદ સિવાય કોઈ કેસ નોંધાયો નથી.

અરબી સાગર પર દસ દિવસ સુધી ભૂલા પડેલા ચક્રવાતને છેવટે કચ્છ સૌરાષ્ટ્રનો માર્ગ મળ્યો પણ ત્યાં સુધી બચાવના પૂરતા ઉપાય થયા. લગભગ એક લાખ લોકોને સલામત સ્થળે ખસેડાયા.

વાડીદાર તાલુકા નખત્રાણામાં ફળ, ઝાડ અને અન્ય વનસ્પતિને નુકસાન પહોંચ્યું છે. એજ રીતે ભુજ તાલુકાની બાગાયતી ખેતીને નુકસાન પહોંચ્યું છે. તંત્રે નુકસાનીનો ક્યાસ કાઢવાની કવાયત હાથ ધરી છે. અબડાસામાં પણ વાડીઓમાં ઉભેલા પાકને નુકસાન પહોંચ્યું છે.

વાવાઝોડા સાથે અનેક તાલુકામાં ૩ ઈંચથી માંડી ૧૪ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ અબડાસા અને લખપતમાં માત્ર અઢીથી ત્રણ ઈંચ નોંધાયો છે. તો મુંદ્રા, માંડવી વગેરેમાં ૧૪ ઈંચ સુધી વરસાદ પડ્યો હોવાનો અહેવાલ છે.

હવે તોફાન પછીની શાંતિ સ્થાપિત થઈ છે. લોકો પોતપોતાના જખમને મલમ લગાવી રહ્યાં છે. નુકસાની મોટી છે પણ જાનહાની ન હોવાનો સંતોષ છે. અને ખેતી માટે પાણી મળી ગયું છે. આથી એક આંખે નુકસાનીના આંસુ છે તો બીજી આંખે સારા વરસના આશાવાદે ખુશી છે.

**-કેશરસિંહ ખોના**


Exclusive Embroidery & Upto date Finishing

ગો જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on

**MEDI-CLAIM EXPERT**

**CLAIMS SETTLEMENT**

❖ REJECTED / DELAYED CLAIMS

❖ POLICY FROM ALL COMPANIES COVERED

**CONTACT EXPERT: 9820853112**

# SALE

upto **30% OFF**



**5th July to 20th July 2023**

સેલ દરમ્યાન દર ગુરૂવારે દુકાન ચાલુ રહેશે.

૪૧ વર્ષનો સુંદર પ્રવાસ
આપના પ્રેમ અને વિશ્વાસનો...

## લગ્નદીપ

રીઅલ જરી એમ્બ્રોઇડરીના સ્પેશ્યાલીસ્ટ
સાચી જરીના ઘરચોળા અને બાંધણીઓ
કસબ અને ઝીક કસબની સાડીઓ
વેડીંગ ગાઉન – ચણીયાચોળીમાં એક્સક્લુઝીવ ડિઝાઇન
પાનેતરનું એકસ્ટ્રા ઓર્ડિનરી કલેકશન
બડકસબ પિટા અને મોચી ભરતમાં નવી ડિઝાઇનો

**પરિવારના શુભ પ્રસંગોએ ખરીદી માટે શ્રેષ્ઠત્તમ સ્થળ**

Since 1982

LagnaDeep
Legacy of Tradition

સંપર્ક :
022-2568 0807
76666 88881
76666 22229

બી–૧૩/૧૫, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૮૦.

Follow us on :

આરોગ્ય પ્રકાશ

# આઈસ્ક્રીમ જેટલી સ્વાદિષ્ટ એટલી જ આરોગ્ય માટે હાનિકારક

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



માનવજાત સદીઓથી આઈસ્ક્રીમ ખાય છે, ગરમીની મોસમમાં તો સૌને મન થઈ જાય, આબાલ-વૃદ્ધ સૌને આઈસ્ક્રીમ પ્રિય હોય છે અને રોમાંચિત કરે છે. આઈસ્ક્રીમ સ્વાદિષ્ટ હોવાથી જીભને ગમે, પેટને ઠંડક આપે અને મનને કાંઈક સારૂં ખાધાનો એક પ્રકારનો સંતોષ થાય છે. બાકી આરોગ્યની રીતે તે ખૂબજ નુકશાનકર્તા છે. ચાલો જોઈએ કઈ રીતે એ નુકશાન કરે છે.

આઈસ્ક્રીમમાં ક્રીમ એટલે કે ચરબી, પ્રોટીન અને સાકર ભરપૂર હોય છે. આઈસ્ક્રીમના ૨-૩ સ્કૂપમાં ૧૦૦૦ જેટલી કેલેરી હોય છે. ૧૦૫ ગ્રામ આઈસ્ક્રીમમાં ૧૫ થી ૧૯ ગ્રામ ચરબી અને ૨૩ ગ્રામ સાકર હોય છે. આઈસ્ક્રીમ ભાવતી આઈટમ એટલે પ્રમાણથી વધુ ખવાય અને તેથી કેલેરીનું પ્રમાણ પણ વધે જે વજન વધારે ગરમીમાં તો આઈસ્ક્રીમ અવારનવાર ખવાય અને તેથી વજન વધશે જ અને તે હાઈ બી.પી., ડાયાબીટીઝ, સંધિવાત જેવી બિમારીઓને પણ આમંત્રણ આપશે.

આઈસ્ક્રીમમાં ટ્રેહેલોસ (Trehalose) નામની આર્ટીફીસીઅલ-નકલી સાકર/ગ્લુકોઝ હોય છે. તે શરીરમાં કેલ્શિયમ ફોસ્ફેટનું બેલેન્સ ખોરવે છે. અને હાડકામાં કેલ્શિયમ ઓછું થાય તેથી ઓસ્ટીઓ પોરોસીસ થાય, જેને લીધે સંધિવાત, ફ્રેક્ચરની શક્યતા વધે છે. સાકર શરીરમાં સોજા વધારે, વજન વધારે, હૃદયની તકલીફો વધારે, આંતરડામાં ગંભીર ઈન્ફેક્શન થઈ શકે અને બીજી આરોગ્યની તકલીફો થાય છે. આઈસ્ક્રીમની ઠંડક પાચન માટે જરૂરી પાચક રસો અને પિત્તને શાંત કરે છે અને પાચનક્રિયાને બગાડે જે આરોગ્યને પણ બગાડે. પાર્ટી, લગ્ન કે ફંક્શન દરમ્યાન જમણમાં ભારે અને વધુ કેલેરીનો ખોરાક ખવાય અને ઉપરથી તરત જ આઈસ્ક્રીમ ખવાય જેથી કેલેરી અતિ વધુ થાય અને ભોજન ઉપરથી આઈસ્ક્રીમ પાચનને પણ નુકશાન કરે. સાધારણ રીતે સૌ આઈસ્ક્રીમ રાત્રે ખાય છે અને વધુ કેલેરીના ખોરાક બાદ એ પચે તે પહેલા સુઈ જઈએ જે આરોગ્ય માટે નુકશાનકર્તા બને છે. ઘણી વખત દહીં-છાસના ઉપયોગની આઈટમ કે ચાટ જેવી આઈટમમાં આમલી-ખટાશના ઉપયોગ સાથે ઉપરથી આઈસ્ક્રીમ ખવાય જે વિરૂદ્ધ આહાર બને છે, જે લોહી બગાડ, એલર્જી ખંજવાળ, એક્ઝેમા જેવી ત્વચાની તકલીફો અને ત્વચા પર સફેદ ડાઘ-લ્યુકોર્ડમા જેવી તકલીફ થઈ શકે.

આઈસ્ક્રીમની ઠંડક ગળા અને નાકને ઠંડક આપે, હવામાં વાયરસ-બેક્ટેરીયા ઉડતા જ હોય છે (ખાસ કરીને લગ્ન-ફંક્શન જેવી ગરદીવાળી જગ્યાએ) જે ગળામાં કે નાકમાં ચોંટી જાય છે અને પછી ગળુ બગડવું કે શરદી, કફ જલ્દી થાય છે.

આઈસ્ક્રીમને ઘટ્ટ બનાવવા સ્ટેબીલાઈઝર વપરાય છે, તેમાં એક સોલ્વંટ વપરાય જે પેઈન્ટ-કલર બનાવવા માટે વપરાય છે. વધુ ટકે તે માટે તેમાં પ્રીઝરવેટીવ નખાય, આ સર્વ આપણા આરોગ્યને નુકશાન કરનાર પદાર્થ છે. તે ઉપરાંત આઈસ્ક્રીમની બનાવટમાં નીચેના અલગ અલગ કેમિકલ વપરાય છે જેનો દોષ પણ જાણીએ.

**અલ્ડી હાઈડસી ૧૭ :** આ રબર અને પ્લાસ્ટીક બનાવવામાં વપરાય છે. ચેરી જેવા સ્વાદ આવે એને માટે ઉમેરવામાં આવે છે. આ કેમિકલ શરીરના અવયવોમાં જખમ કરે છે. અલ્સર જેવી બિમારી થઈ શકે છે.

**બેન્ઝાઈલ એક્યુરેટ :** આ સોલ્વંટ ફ્લેવર વધારવા વપરાય છે. સાબુ, પોલીશનું ક્રીમ, પ્રિન્ટીંગ ઈંક બનાવવા વપરાય છે. આ કેમિકલ કેન્સરજન્ય છે. લીવર અને ફેફસામાં ટ્યુમર પેદા કરે છે. ગેસની સમસ્યા થાય છે.

**એમ્યાલ એક્યુટેટ :** આ સોલવંટ કેળા જેવા સ્વાદ માટે વપરાય. આ રંગહીન છે તેથી બીજી ફલેવર બનાવવા પણ વપરાય છે. આનાથી માથુ દુઃખે, આંખમાં બળતરા કે ત્વચા રોગ થાય.

**બ્યુટીરલ અલ્ડીહાઈડ :** બદામ જેવો સ્વાદ મેળવવા વપરાય. આ પદાર્થ પ્લાસ્ટીકના દાણા અને દારૂ બનાવવા વપરાય છે. આનાથી પેટના દર્દ થાય.

**ડીથેલ ગ્લાયકોલ :** આઈસ્ક્રીમ સ્મુધ બને અને બરફના ક્રીસ્ટલ ન થાય તે માટે આ કેમિકલ વપરાય. પ્લાસ્ટીકના દાણા અને પોલીસ્ટર પેઈન્ટ બનાવવા વપરાય છે. આનાથી કીડનીના દર્દ થાય.

**પાઈપ્રોનોલ :** વેનીલાનો સ્વાદ આવે માટે આ વપરાય છે, કારણ કે તે વેનીલા બિન્સ કરતાં ઘણું સસ્તું છે. આ ત્વચાને ખરાબ કરે છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

।। શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

મુ. પો. રંગપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર. પીન - ૩૬૧ ૨૮૦.

## પર્યુષણે પધારવા આમંત્રણ

વ્હાલા રંગપુરવાસી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો અને નિયાણી બહેનોના પરિવારજનો જોગ,

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાની મહેર રંગપુર ગામ પર વરસી રહી છે અને ફરી આપણને બધાને રંગપુર જઈને તેમની છત્રછાયામાં પર્યુષણ પર્વ-૨૦૨૩ ઉજવવાના છે. આપ સૌને આ શુભ પ્રસંગે બહોળી સંખ્યામાં પધારવાનું આમંત્રણ આપતા અમો સર્વે હર્ષ અનુભવીએ છીએ. આપને સર્વેને સુવિદિત છે તેમ ત્યાં તમામ પ્રકારની સગવડ જેમકે અતિથિગૃહ, ભોજનશાળા, ઉપાશ્રય, દેરાસર વગેરે વ્યવસ્થા આપ સૌના સાથ-સહકારથી ચાલે છે. દેરાસરજીનું સુશોભીકરણનું કામ ચાલુ છે. ઉદાર હાથે ફાળો લખાવવા વિનંતી.

**શ્રી ભીડભંજનદાદા (મુળનાયક)ની આવતા વર્ષની ૩૫મી ધ્વજાનો આદેશ આ વર્ષના પર્યુષણ પર્વમાં બિજ (સ્વપ્ન દર્શન)ના દિવસે આપવામાં આવશે. હાલ ૨ થી ૩ નામો આવેલ છે.**

- આખા દિવસની સાધર્મિક ભક્તિ રૂા. ૧૧,૦૦૦/- (આપના નામના બેનર ભોજનશાળામાં ૧૨ મહિના સુધી રહેશે.)
- પર્યુષણ દરમ્યાન પ્રભાવનાનો નકરો રૂા. ૨,૫૦૦/- (એક દિવસના)
- ૯'' ભગવાન માટે રેડીમેડ કપડાની આંગી એક સેટનો નકરો રૂા. ૨૫,૦૦૦/- (દાતા આવકાર્ય)
- આંગીમાં યથાશકિત પ્રમાણે લખાવી શકો છો. • શૈક્ષણીક સહાય તથા જીર્ણોધ્ધાર માટેનો ફાળો આવકાર્ય છે.

### પર્યુષણ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

| | |
|---|---|
| **પર્યુષણની શરૂઆત**<br>શ્રાવણ વદ ૧૩, વિ. સં. ૨૦૭૯ સોમવાર, તા. ૧૪-૦૮-૨૦૨૩ | **બારસાસૂત્ર વાંચનઅને સંવત્સરી પ્રતિક્રમણ**<br>દ્વિ.શ્રાવણ સુદ ૫, વિ. સં. ૨૦૭૯ સોમવાર, તા. ૨૧-૦૮-૨૦૨૩ |
| **મહાવીર જન્મ વાંચન (૧૪ સ્વપ્ન મહોત્સવ)**<br>દ્વિ.શ્રાવણ સુદ ૨, વિ. સં. ૨૦૭૯ શુક્રવાર, તા. ૧૮-૦૮-૨૦૨૩ | **છઠ્ઠના પારણા અને સાંવત્સરિક ક્ષમાપના**<br>દ્વિ.શ્રાવણ સુદ ૬, વિ. સં. ૨૦૭૯ મંગળવાર, તા. ૨૨-૦૮-૨૦૨૩ |

**આ પ્રસંગે શ્રી આર્યરક્ષિત તત્ત્વજ્ઞાન વિધાપીઠના ભાઈઓ-બહેનો પર્યુષણ કરાવવા બોલાવવામાં આવશે. આપ સર્વેને વહેલી તકે ટિકીટ કઢાવી પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.**

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિ વતી**

શ્રી પંકજ કેશવજી ધરમશી - પ્રમુખ ટ્રસ્ટી
બિપીન પાશ્વીર નાગડા - ઉપપ્રમુખ ટ્રસ્ટી
જતીન ગુલાબચંદ નાગડા - માનદ્‌મંત્રી ટ્રસ્ટી
કિરીટ પુનશી મુનવર - ખજાનચી ટ્રસ્ટી
કાંતીલાલ માણેકજી નાગડા - સહમાનદ્ મંત્રી
દિપક શાંતીલાલ લાપસીયા - ટ્રસ્ટી
હેમાંગ અશોક લાલકા - ટ્રસ્ટી
વિનોદ શીવજી ધરમશી - સ્થાનીક ટ્રસ્ટી
લહેરચંદ ચંપકલાલ ધરમશી - સ્થાનીક ટ્રસ્ટી
શશાંક કિશોર ખોના - સ્થાનીક ટ્રસ્ટી

ના જય જિનેન્દ્ર વાંચશોજી

વધુ વિગત માટે સંપર્ક : નિતીન ધરમશી - ૯૦૮૨૭ ૫૮૫૦૮

UPASANA-9820167767

**પોલીસોરબેટ ૮૦ :** આઈસ્ક્રીમ વધુ ટકે-જલ્દી પીગળે નહીં એ માટે આ કેમિકલ વપરાય છે. આ કેમિકલ વેક્સીન અને બર્થ કંટ્રોલની દવામાં વપરાય છે. આ પ્રજનનતંત્રના અવયવને નુકશાન કરે છે.

**પોટેશ્યમ સોરબેટ :** આ કેમિકલ ફૂગ ન થાય એ માટે નાખવામાં આવે છે. આનાથી ઝાડા થાય, એલર્જી થાય અને તે શરીરની તાકાત તેમજ પ્રતિકારશક્તિ ઘટાડે.

**સોડિયમ બેન્ઝોઈટ :** આ કેમિકલ આઈસ્ક્રીમને ટકાવવા એટલે કે બગડે નહીં એ માટે વપરાય છે. આ કેન્સરજન્ય છે, રોગ પ્રતિકારક શક્તિનો નાશ કરે છે.

**પ્રોપીલેન્ટ ગ્લાયકોલ :** આઈસ્ક્રીમના પાણી શોષવા માટે વપરાય છે. આ જ કેમિકલ પ્લાસ્ટીક અને પેઈન્ટ બનાવવા વપરાય છે. તે ચામડી, કીડની અને ફેફસાને નુકશાન કરે છે.

**એશ્લે એક્યુરેટ :** આઈસ્ક્રીમમાં પાઈનેપલ જેવા સ્વાદ માટે આ કેમિકલ વપરાય છે. આ લીવર અને હાર્ટને નુકશાન કરે છે.

**મોનોગ્લીસરાઈડ, ડીગ્લીસરાઈડ અને ટ્રાયગ્લીસરાઈડઃ** આ ત્રણેય ટ્રાન્સફેટી એસીડ છે જે આઈસ્ક્રીમને ઘટ્ટ બનાવવા વપરાય છે. આનાથી કોલેસ્ટ્રોલ વધી જાય, ધમનીઓને નુકશાન કરે જેથી પ્લોક્સ તૈયાર થઈ હાર્ટ એટેકની શક્યતા વધારે છે.

આવા તો કેટલાય કેમિકલો વપરાય છે. સિંથેટીક કલર, સિંથેટીક ગ્લુકોઝ વપરાય છે. ઘણી આઈસ્ક્રીમમાં ઈંડાની પીળી જર્દી પણ વપરાય છે. ખીસકોલી જેવા જીવના સંડાસ 'બીવર્સ બર્ટ' તરીકે ઓળખાય છે તેનાથી વેનીલાનો સ્વાદ મેળવાય છે. અહીં આપણે બજારૂ આઈસ્ક્રીમના નુકશાન જાણ્યા. આઈસ્ક્રીમનો આનંદ માણવા વગર કેમિકલથી ઘરે બનાવેલ આઈસ્ક્રીમ જ યોગ્ય છે. મલાઈ કાઢી લીધેલ દૂધ કે ગાયના દૂધથી બનાવો જેથી કેલેરી ઓછી રહે. ફ્લેવર માટે એશન્સનો ઉપયોગ ન કરતા એલાયચી, કેસર, જાયફળ, ડ્રાયફ્રુટનો ઉપયોગ કરવો. ઘટ્ટતા લાવવા, આરારોટ કે કોર્નફ્લોરનો ઉપયોગ કરવો. મીઠાશ માટે ખડીસાકર, ખજુર, અંજીર, કીસમીસનો ઉપયોગ કરવો કે નારિયેળની સાકર કે નીરાગોળ, ખજુર ગોળ મેળવી ઉપયોગ કરવો જો નુકશાનકર્તા ન બને. આ આઈસ્ક્રીમ જમ્યા બાદ તરત જ ન ખાવ તેમજ વિરૂદ્ધ આહાર ન બને તેનું પણ ધ્યાન રાખો. રાત્રે આઈસ્ક્રીમ ખાવ તો તે પછી થોડું ચાલવાનું રાખો અને તરત જ સુઈ ન જાવ. આમ આઈસ્ક્રીમની મોજ માણો પણ તેના નુકશાનથી બચો.



।। શ્રી અજિતનાથાય નમઃ ।।

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**પ્રિય ગામવાસીઓ, જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો સહપરીવાર જોગ,**

### સંવત ૨૦૭૯ : ચાતુર્માસ સહ પર્વાધિરાજ પર્યુષણ પર્વની મંગલ આરાધના

સહર્ષ જણાવતા અતિ આનંદ અનુભવીએ છીએ કે પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંવત ૨૦૭૯ નાં શ્રાવણ વદ-૧૩ **સોમવાર તા. ૧૪-૮-૨૦૨૩** થી શ્રાવણ સુદ પાંચમ ને **સોમવાર તા. ૨૧-૮-૨૦૨૩** સુધી રહેશે. પર્યુષણ પર્વની આરાધના કરવા માટે દલતુંગી ગામનાં સર્વે જૈન ભાઈ/બહેનોને ગામની નિયાણી બહેનોને સહપરીવાર દલતુંગી ગામે પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. આપણા સંઘના પુણ્યોદયે આપણી વિનંતીને માન આપી આર્યરક્ષિત વિદ્યાપીઠની બહેનો દ્વારા પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવામાં આવશે. રોજ સવારના ભક્તામર, વ્યાખ્યાન, સવાર-સાંજ આરતી મંગલદીવો, પ્રતિક્રમણ વગેરે કાર્યક્રમો દરરોજ રહેશે. વ્યાખ્યાન બાદ દરરોજ પ્રભાવના કરવામાં આવશે. ભક્તામર પછી સંઘ તરફથી **ત્રણ લક્કી ડ્રો** કાઢી ઇનામ આપવામાં આવશે. રાત્રી ભાવના સ્થાનિક ગામવાસી ભાઈઓ કરાવશે.

**સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૨૧,૦૦૦/-** રાખેલ છે. વહેલા તે પહેલાનાં ધોરણે લાભ આપવામાં આવશે. (નકરાની રકમમાં અગર વધારો થશે તો ભોજનશાળામાં ઉપયોગમાં લેવાશે. દાતા પરિવારે નોંધ લેવા વિનંતી) સંઘ તરફથી સાધર્મિક ભક્તિ **રવિવાર તા. ૧૩-૮-૨૦૨૩** (ચૌવિહાર)થી **મંગળવાર તા. ૨૨-૮-૨૦૨૩** બપોરના જમણવાર (છમછરી) સુધી રહેશે. **૯ દાતા દરેકના રૂા. ૨૧,૦૦૦/-** લેખે આવકાર્ય. જો દાતા મળશે તો સાધર્મિક ભક્તિનું આયોજન થઈ શકશે. પર્યુષણ પર્વની આરાધના માટે આપ ક્યારે અને કેટલા જણ પધારવાના છો જેની જાણ આગોતરી કરશો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**ખાસ નોંધ :** શ્રી અજિતનાથ દાદાની **૧૨૧મી ધ્વજા** (સંવત ૨૦૮૦) વૈશાખ સુદ ૫ ને **રવિવાર તા. ૧૨-૫-૨૦૨૪** ના દલતુંગી ખાતે ઉજવવામાં આવશે. જેનો ચઢાવો આ પર્યુષણ દરમ્યાન બીજને દિવસે બોલી આદેશ આપવામાં આવશે. સૌ ગામવાસીએ નોંધ લેવી.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા – 98338 19689 ● શ્રી વિજય પુનશી માલદે – 91066 73821**

**BANK DETAILS : Beneficiary Name - Shri Ajitnath Maharaj Jain Derasar Trust**
**Bank Name : Shri Arihant Co-op. Bank Ltd., • Masjid Bunder Branch • A/c No : 004001002184 • IFSC CODE : ICIC00ARIHT**

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।  ।। શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ।।  ।। શ્રી કેશરીયા આદિનાથાય નમઃ ।।

।। શ્રી નમો નમઃ આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરીભ્યો નમઃ ।।



# મોડપર તીર્થે ૧૦મી ધ્વજા મહોત્સવ

## (તા. ૨૫, ૨૬ અને ૨૭ મે, ૨૦૨૩)

**શ્રી મોડપર ૪૫૦ વર્ષથી અધિક પ્રાચીન તીર્થ ધામે જિર્ણોદ્ધાર, નૂતનીકરણ બાદ ૧૦મી સાલગીરી સં. ૨૦૭૯ જેઠ સુદ ૬, ૭ અને ૮ ગુરૂવાર, તા. ૨૫-૦૫-૨૩ થી શનિવાર, તા. ૨૭-૦૫-૨૩ દરમ્યાન ધામધુમથી હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયેલ.**

આ પ્રસંગે મોડપર તીર્થોધ્ધારક, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ની આજ્ઞાથી તેમના આજ્ઞાવર્તિની પરમ વિદુષી **પ. પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ. પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ. પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા., પ. પૂ. સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા., પ. પૂ. સા. શ્રી અર્હયશાશ્રીજી મ.સા., પ. પૂ. સા. શ્રી આદિત્યયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ઉગ્ર વિહાર કરી જામનગર થી પધારી નિશ્રા પ્રદાન કરી હતી** અને અવસરને ચાર ચાંદ લાગી ગયા હતા.

ગુરૂવાર, તા. ૨૫-૦૫-૨૩ના સ્નાત્ર પૂજા **શ્રી પાર્શ્વનાથ જિન ભક્તિ મંડળ**ના સભ્યો દ્વારા ભણાવવામાં આવેલ. શુક્રવાર, તા. ૨૬-૦૫-૨૩ના સવારના શ્રી પાર્શ્વનાથ પદ્માવતી માતાજીનું પૂજન **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)** દ્વારા ભણાવવામાં આવેલ. બપોરના ૩.૦૦ ક. **શ્રી સંઘ દ્વારા અઢાર અભિષેક અનુષ્ઠાન** બંને દેરાસરમાં ઉજવવામાં આવેલ. રાતના સંગીતકાર મંડળી સંગાથે ભાવના સાથે રાસનો આનંદ લેવામાં આવેલ.

શનિવાર, તા. ૨૭-૦૫-૨૩ના શ્રી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. **આ ધ્વજારોહણનો દિવસ હતો અને મોટી ખાવડી, નાની ખાવડી, રંગપુર, દલતુંગી, સેવક ભરૂડીયા, ગોરખડી અને જામનગર થી જ્ઞાતિજનો પધાર્યા હતા અને સંખ્યા ૩૦૦ની ઉપર થયેલ. ઉપાશ્રયમાં ગુરૂભગવંતો, સંગીતકાર મંડળી, વિધિકારો, ટ્રસ્ટી મહાસયો શ્રી પંકજ કેશવજી ધરમશી, શ્રી અશોક મણીલાલ દંડ, શ્રી સુનીલ માણેકજી લોડાયા, શ્રી જીવરાજ કીલાચંદ નાગડા, શ્રી નરેન્દ્ર જેતશી શીયાલ, શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા** અને વિશાળ જ્ઞાતીજનોની હાજરીમાં અષ્ટપ્રકારી પૂજાના વાર્ષિક ચડાવા, આવતા વર્ષની દેરાસર-ગુરૂમંદિરની ધ્વજાના ચડાવા, સાધારણ ખાતાના ચડાવા વગેરે ખૂબજ ઉલ્લાસપૂર્વક લેવામાં આવેલ.

**ત્યારબાદ આ વર્ષે ત્રણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી નવલબબેન મણિલાલ દંડ (સેવક ભરૂડીયા-મુલુંડ) પરિવારનું બહુમાન કરવામાં આવેલ અને અનુમોદના કરવામાં આવેલ. ત્યારબાદ આ વરસની ધ્વજાના લાભાર્થી**

**(૧) શ્રી સુપાર્શ્વનાથ દેરાસર : માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)**

**(૨) શ્રી કેશરીયા આદીનાથ દેરાસર : માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)**

**(૩) શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર : માતુશ્રી જયાબેન દામજી લોડાયા પરિવાર (નાની ખાવડી-થાણા)નું ટ્રસ્ટીઓ અને હાજર રહેલા મહાનુભાવોના હસ્તે બહુમાન કરવામાં આવેલ.**

**તદ્ઉપરાંત દેરાસરના પૂજારી જ્યંતીભાઈ, ભોજનશાળાના સંચાલક રમેશભાઈ, ભાવતા ભોજન બનાવનાર મનીષભાઈ, મોડપર જિનાલયના હિસાબનીસ શ્રી નીતીન ભાયચંદ ધરમશી, મહોત્સવના કન્વીનર શ્રી જીવરાજ કીલાચંદ નાગડા અને શ્રી નરેન્દ્ર કુંવરજી ધરમશીનું બહુમાન કરવામાં આવેલ. પૂજ્ય ગુરૂભગવંત દ્વારા આર્શીવચન સંભળાવવામાં આવેલ. સંગીતકાર, મંડળી અને વિધિકારનો પણ આભાર માનવામાં આવેલ. શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા દ્વારા આભારવિધિ થયેલ.**

ધ્વજારોહણ માટે ઢોલ-શરણાઈના સથવારે હર્ષેલ્લાસ સાથે સૌએ દેરાસરજીને ત્રણ પ્રદક્ષીણા આપી, ધ્વજા વિધિ વિધાન સહીત ફરકાવી. મનભાવન ભાવતા ભોજન જમી સૌએ વિદાય લીધી. ફરી આવતા વર્ષે મળશુંના વાયદા સાથે સૌ વિખરાયા.

**દેવ, ગુરૂ અને ધર્મની બલીહારી અને દાનવીર દાતાઓના સહકાર તેમજ કાર્યકર્તાની અથાગ મહેનતથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો.**

**લી.**

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકારના જયજિનેન્દ્ર !**

**સંપર્ક : શ્રી નિતીન ધરમશી મો.: ૯૮૯૨૯ ૫૦૮૧૪ / ૯૦૮૨૭ ૫૮૫૦૮**

UPASANA-9820167767

॥ નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ॥ ॥ વર્ષીતપના પ્રણેતાશ્રી આદિનાથાય નમઃ ॥ ॥ અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી - શ્રી મહાકાલીદેવ્યૈ નમઃ ॥

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઇ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪





મહાન ક્રિયોદ્ધારક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.
ના પ્રતાપી પટ્ટધર
રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સમુદાયના
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજાના દિવ્ય આશિષથી...



## સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તી
## શ્રમણ ભગવંતોના સં. ૨૦૭૯ના ચાતુર્માસની સૂચિ

**૧) વડોદરા : 94281 69830**
**પ્રવેશ : તા. ૧/૭/૨૦૨૩**
સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ભદ્રંકરસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી આર્યરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી કૌશલ્યપ્રભસાગરજી મ.સા.

**૨) શંખેશ્વર તીર્થ : 79779 66018**
**પ્રવેશ : તા. ૧/૭/૨૦૨૩**
સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી કલ્પતરુસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ગચ્છોદયસાગરજી મ.સા.

**૩) જોગેશ્વરી : 98700 61749**
**પ્રવેશ : તા. ૨૫/૬/૨૦૨૩**
પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ.
શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી જ્ઞાનરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પ્રેમરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી આનંદરત્નસાગરજી મ.સા.

**૪) રાયણ : 77383 85183**
**પ્રવેશ : તા. ૨૯/૬/૨૦૨૩**
પ.પૂ. ઉપાધ્યાયશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.

**૫) નાના આસંબિયા : 93232 80972**
**પ્રવેશ : તા. ૨૩/૬/૨૦૨૩**
પ.પૂ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી કંચનસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ભવ્યોદયસાગરજી મ.સા
પ.પૂ. મુનિશ્રી પ્રશમોદયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ગોયમોદયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી પદ્મોદયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ભગવંતોદયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી અર્હંતોદયસાગરજી મ.સા.

**૬) બિદડા : 90992 21199**
**પ્રવેશ : તા. ૨૩/૬/૨૦૨૩**
પ.પૂ. પ્રવર્તક શ્રી પુણ્યોદયસાગરજી મ.સા.
પ.પૂ.મુનિશ્રી અનંતરત્નસાગરજી મ.સા.

**૭) બાલવાડા : 98904 73401**
**પ્રવેશ : તા. ૧/૭/૨૦૨૩**
પ.પૂ. ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી વિનયરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી સદાનંદસાગરજી મ.સા.

**૮) ડોંબિવલી : 98205 65261**
**પ્રવેશ : તા. ૧૧/૬/૨૦૨૩**
પ.પૂ. ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી રાજશેખરસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા.

**૯) કોઠારા તીર્થ : 97120 82235**
**પ્રવેશ : તા. ૨૮/૬/૨૦૨૩**
પ.પૂ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા.

**૧૦) મુલુંડ (વે) : 98335 20444**
**પ્રવેશ : તા. ૨૮/૬/૨૦૨૩**
પ.પૂ. ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.

**૧૧) લહેડી : 98217 13224**
**પ્રવેશ : તા. ૨૫/૬/૨૦૨૩**
પ.પૂ. મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.

**૧૨) થાણા (વે): 86899 00707**
પ.પૂ. મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી મંત્રનિધાનસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી માર્ગનિધાનસાગરજી મ.સા.

**૧૩) ચેમ્બુર (સર્વોદય નગર) : 91671 98386**
**પ્રવેશ : તા. ૧૮/૬/૨૩**
પ.પૂ. મુનિશ્રી જગવલ્લભસાગરજી મ.સા.

**૧૪) ભાંડુપ : 98673 76399**
**પ્રવેશ : તા. ૧૪/૬/૨૦૨૩**
પ.પૂ.મુનિશ્રી આગમોદયસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી મહોત્સવરક્ષિતસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી રત્નોદયસાગરજી મ.સા.

**૧૫) ઉમરગાવ : 96872 45552**
**પ્રવેશ : તા. ૨૯/૬/૨૦૨૩**
પ.પૂ. મુનિશ્રી મોક્ષેશચંદ્રસાગરજી મ.સા.
પ.પૂ. મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા.

**લિ. : અધિકારીઓ**

પ્રમુખ : ભાવેશ વોરા 94262 76905
ઉપપ્રમુખો : ચીમન મોતા 93222 20708
હેમચંદ ગડા 98203 00317

માનદ્ મંત્રીઓ
જતીન છેડા 98210 64216
પ્રકાશ સીંઘવી 93270 12038
પ્રવીણ લોડાયા 98205 65261
જયંતકુમાર સંઘવી 98196 93577

વૈયાવચ્ચ સમિતી
વીપીન ગંગર 98210 42244
જીતેન્દ્ર વોરા 98699 99346
ટોકરશી મામા 98250 08500

॥ નમો નમઃ શ્રી ગુરુ ગુણસાગરસૂરયે ॥ ॥ વર્ધમાન પ્રભાવક શ્રી અતિનાથાય નમઃ ॥ ॥ અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ॥

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

## સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તીની શ્રમણી ભગવંતોના સં. ૨૦૭૯ ના ચાતુર્માસની સૂચિ

[illegible]

લિ. : મંત્રીઓ

|| શ્રી કુંથુનાથાય નમઃ || || શ્રી નેમિનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુમતિનાથાય નમઃ || || શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી

**દિવ્ય આશિષ :** શાસન સમ્રાટ-રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**દિવ્ય કૃપા-પ્રેરણા :** તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**

**આજ્ઞા આશિષ :** સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તારક નિશ્રા પ્રદાતા :** સંઘ કૌશલ્યધાર, અચલગચ્છાધિપતિશ્રીના વિનય મધુરકંઠી, પ્રવચનકાર **પ.પૂ. મુનીરાજશ્રી મુક્તીરત્નસાગરજી મ.સા.**

**વિધિકાર :** નવકાર મંત્ર આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ, જય, કચવન, મેઘ** પોતાની સંગીત પાર્ટી સહ....

## પરમાત્માની જિર્ણ જિનાલયમાંથી ઉત્થાપન વિધિ તથા નુતન જિનાલયમાં ગૃહ પ્રવેશ

## શ્રી નેમિનાથ જિનાલય - ત્રિહાન્હિકા મહોત્સવ મે ૨૦૨૩

જય જય શ્રી નેમિનાથ,

તા. ૨૩-૫-૨૦૨૩ ના સવારના ૬.૩૦ કલાકે પ.પુ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. નો સામૈયો કરવામાં આવેલ. સવારના શુભ ચોઘડીએ મોટા આસંબિયાથી શ્રી કુથુંનાથ ભગવાન લાભાર્થી પરિવાર શ્રી ભરતભાઈ ભવાનજી લોડાયા સહપરિવાર અને શ્રી સુપાર્શ્વનાથ ભગવાન લાભાર્થી પરિવાર શ્રી ચિમનલાલ લધુભાઈ લોડાયા અને અ.સૌ. ધનલક્ષ્મીબેન કિશોરભાઈ મોતા તથા શેરડી મુકામે થી ગૌતમ સ્વામી લાભાર્થી પરિવાર અ.સૌ. હર્ષાબેન ઉદયન શાહ પરિવાર મોટી સિંધોડી નગર પ્રવેશ માટે પ્રસ્થાન કરેલ.

સવારના ૧૧.૧૫ કલાકે મોટી સિંધોડી ખાતે આવડ માતાના મંદિરના સંકુલમાં નગર પ્રવેશ ખૂબ ધામધુમથી કરવામાં આવેલ. પ્રતિમાજીને ગઢવી સમાજના અતિથીગૃહમાં થોડા સમય માટે વિશ્રામ આપી, વાજતે ગાજતે સકળ સંઘ ઢોલ શરણાઈ સાથે વરઘોડા સ્વરૂપે ઉપાશ્રયમાં પ્રવેશ કરાવેલ. ભગવાનના નગર પ્રવેશ અર્થે ધુઆબંધ સાધર્મિક ભક્તિ માતુશ્રી લાખબાઈ નરપાર મેઘરાજ પરિવાર હસ્તે માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા પરિવાર તરફથી રાખવામાં આવેલ. શ્રી રાજેશભાઈ અને અ.સૌ. તેજલબેન ના ગામમાં કરેલ સુકૃતો માટે અને મહાજન પ્રમુખ શ્રીમતી હર્ષાબેન અને સંપૂર્ણ ટીમનું ગ્રામપંચાયત અને ગ્રામજનો દ્વારા શાલ અને મોમેન્ટોથી બહુમાન કરવામાં આવેલ. ગઢવી સમાજ તથા ગામવાસીઓ દ્વારા બહુમાન કરવામાં આવેલ. સાંજે જિનાલયમાં ભક્તિ ભાવના અને રાસ ગરબા તથા દાંડીયા રાસ કાર્યક્રમ રાખવામાં આવેલ.

તા. ૨૪-૫-૨૦૨૩ સવારના ૯.૦૦ કલાકે શ્રી ગૌતમ સ્વામીનું પુજન રતનભવનના કપાઉન્ડમાં રાખવામાં આવેલ. પ.પુ. મુનિરાજ શ્રી મુક્તિરત્ન સાગરજી મ.સા. ની નિશ્રામાં સમગ્ર હાજર ગામવાસીઓ તથા આમંત્રીત મહેમાનો આ પુજનમાં સહભાગી થયેલ. જાણીતા વકીલ શ્રી દેવરાજભાઈ ગઢવી એ આ કાર્યક્રમ દરમ્યાન હાજરી આપેલ. રાત્રે ભક્તિભાવના નો કાર્યક્રમ રાખેલ.

તા. ૨૫-૫-૨૦૨૩ સવારના ૩.૩૦ કલાકે ઉત્થાપન વિધી અર્થે અષ્ટમંગલ પાટલા પુજન વગેરે સ્નાત્રપુજા સહિત અનુષ્ઠાન કરવામાં આવેલ. સવારના ૫.૩૦ અને ૬.૦૩ ના શુભ મુહુર્તે ઉત્થાપન વિધી શરૂ કરવામાં આવેલ. પછી ગુરૂ ભગવંતને સામુહિક ગુરૂવંદના કરવામાં આવેલ. ત્યારબાદ બગીઓ અને સુશોભિત રથ સાથે બેન્ડ પાર્ટી અને ઢોલ શરણાઈ ના સુરે શ્રી નેમિનાથ દાદા સહિત સર્વે તીર્થંકરો, દેવ-દેવીઓ તથા ગૌતમ સ્વામીની પ્રતિમાઓ સાથે સરસ રથયાત્રાનો આયોજન થયેલ. શોભાયાત્રામાં કોઠારાથી શ્રી પ્રબોધભાઈ મુનવર, શ્રી પ્રભાતસિંહજી જાડેજા સાહેબ, જખૌથી પૂર્વ ટ્રસ્ટી શ્રીમતી રાજશ્રીબેન વિજય મોમાયા તથા અમિતાબેન તિલક મોમાયા, વાંકુ મહાજનથી માતુશ્રી કસ્તુરીબેન તથા શ્રી દામજી નરશી સોની અને અન્ય મહાનુભાવોએ હાજરી આપેલ. રથયાત્રા બાદ લાભાર્થી પરિવારોના વિવિધ ફોટાઓ કાઢવામાં આવેલ. હાજર રહેલ સર્વે લોકાનું એક ગ્રુપ ફોટો પણ લેવામાં આવેલ. ત્યારબાદ શુભમુહુર્તે દરેક તિર્થંકર પરમાત્મા અને દેવ-દેવિઓની લાભાર્થી પરિવાર દ્વારા વાજતે ગાજતે જિનાલય ગૃહપ્રવેશ અર્થે પોંખવાની વિધી કરવામાં આવેલ. શુભમુહુર્તે પરમાત્મા અને દેવ-દેવિઓનું ગંભારા પ્રવેશ ખૂબજ ઉલ્હાસપૂર્વક અને ઉમંગથી સર્વે હાજર પરિવારજનો, ગુરૂભગવંત તથા શ્રી નરેન્દ્રભાઈ ના માર્ગદર્શનથી કરવામાં આવેલ. ત્યારબાદ ગુરૂભગવંત દ્વારા ચૈત્યવંદન કરેલ.

તા. ૨૨-૫-૨૦૨૩ થી તા. ૨૫-૫-૨૦૨૩ સુધી સંપુર્ણ સાધર્મિક ભક્તિ સંઘના રસોડે રાખવામાં આવેલ. સ્થાનિકે આવાસ માટે શ્રી દેવરાજભાઈ ગઢવી, શ્રી અજુભાઈ ગઢવી, શ્રી રામભાઈ ગઢવી, શ્રી મંગાભાઈ ગઢવી વગેરે લોકોનું ખૂબ સાથ અને સહકાર રહેલ. જખૌ મહાજનમાં પણ અતિથીગૃહ વપરાશ માટે લીધેલ. દરેક વ્યવસ્થા તથા સરસામાન વગેરે માટે પૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી અને અત્યારે જિનાલય અને અન્ય વ્યવસ્થાનું સંચાલન કરનાર શ્રી વિજયભાઈ હીરાચંદ મોમાયાનો સિંહ ફાળો રહેલ. સાધન સામગ્રી માટે જખૌ દેરાસર, રાપર દેરાસર, દેઢીયા દેરાસર, સુથરી દેરાસર તથા ૭૨ જિનાલય માંથી ખૂબજ સહયોગ મળેલ. ઇંદિરાબેન નો પણ જ્યાં જ્યાં જરૂર પડતી ત્યાં માર્ગદર્શન મળતો રહેલ.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી : ત્રિહાન્હિકા મહોત્સવ મે ૨૦૨૩

## પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવારો

**શ્રી નેમિનાથ દાદાની પ્રતિષ્ઠા :** માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી, માતુશ્રી જયાબેન પદમશી વેલજી મૈશેરી, અ.સૌ. સ્વ. હેમલતાબેન લહેરચંદ મોતા (નલીયા), અ.સૌ. મનિષાબેન સાગર પટેલ • **શ્રી સુમતીનાથ દાદાની પ્રતિષ્ઠા :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા હસ્તે અ.સૌ. નિતા મુકેશ લોડાયા • **શ્રી અનંતનાથ દાદાની પ્રતિષ્ઠા :** માતુશ્રી ધનબાઈ પ્રેમજી નરપાર લોડાયા પરિવાર હસ્તે અ.સૌ. તેજલબેન, અ.સૌ. કાજલબેન • **શ્રી સુપાર્શ્વનાથ દાદાની પ્રતિષ્ઠા :** અ.સૌ. સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા હસ્તે પિયુષ ચીમનલાલ લોડાયા, અ.સૌ. ધનલક્ષ્મીબેન કિશોરભાઈ મોતા હસ્તે અંજુલ કિશોરભાઈ મોતા • **શ્રી કુંથુનાથ દાદાની પ્રતિષ્ઠા :** અ.સૌ. અનીતાબેન ભરત લોડાયા હસ્તે ચિ. પ્રિશા પારસ લોડાયા • **શ્રી ગૌતમ સ્વામિની પ્રતિમા ઘડાવવાના :** શ્રી લાલજી નરપાર લોડાયા હસ્તે અ.સૌ. હર્ષાબેન ઉદયન લોડાયા • **શ્રી ગૌતમ સ્વામિની પ્રતિમા ભરાવવાના :** શ્રી ભવાનજી વિશનજી લોડાયા હસ્તે ભરતભાઈ લોડાયા, ચિંતન, કિંજલ, પૂજા • **શ્રી ગૌતમ સ્વામિની પ્રતિષ્ઠા :** અ.સૌ. અનીતાબેન ભરત લોડાયા હસ્તે ભરતભાઈ ભવાનજી લોડાયા • **શ્રી ગોમેદ યક્ષની પ્રતિષ્ઠા :** શ્રી પ્રવિણચંદ્ર દામજી મોમાયા હસ્તે અ.સૌ. જસ્મીનાબેન હરીશ મોમાયા, શ્રીમતી તરલાબેન લહેરચંદભાઈ મૈશેરી (લાલા) હસ્તે પારસભાઈ લહેરચંદ મૈશેરી • **શ્રી અંબિકાદેવીની પ્રતિષ્ઠા :** માતુશ્રી લક્ષ્મીબેન નરસી મૈશેરી હસ્તે અ.સૌ. જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી, માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી રતનશી મૈશેરી હસ્તે શ્રી હીરેનભાઈ અને બકુલભાઈ • **શ્રી ચક્રેશ્વરી દેવીની પ્રતિષ્ઠા :** માતુશ્રી જ્યોત્સનાબેન રાયશી નરપાર મૈશેરી હસ્તે ચિ. ભુવી પ્રીતીબેન વિજય મૈશેરી • **શ્રી પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા :** શ્રી ભરતભાઈ ભવાનજી લોડાયા હસ્તે પારસ ભરત લોડાયા • **શ્રી મહાકાળી દેવીની પ્રતિષ્ઠા :** માતુશ્રી પુરબાઈ ઉમરશી ટોકરશી મૈશેરી પરિવાર હસ્તે મુલચંદભાઈ ઉમરશી મૈશેરી, શ્રી આણંદજી રતનશી મૈશેરી પરિવાર હસ્તે મેહુલભાઈ આણંદજી મૈશેરી, માતુશ્રી હીરબાઈ નરસી મૈશેરી પરિવાર હસ્તે ભાવેશભાઈ ધનપતી મૈશેરી

## શ્રી ગૌતમ સ્વામિ પૂજનના લાભાર્થી પરિવારો

**૧) પ્રાથમિક વિધિ + મહાવીર સ્વામિ અષ્ટપ્રકારી પૂજા :** અ.સૌ. જસ્મિનાબેન હરીશ મોમાયા • **૨) અધિષ્ઠાયિકા દેવ-દેવી પૂજન :** માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી રતનશી મૈશેરી • **૩) ગૌતમ સ્વામિ અષ્ટપ્રકારી પૂજા :** કુ. એકતા ઉદયન લાલજી શાહ • **૪) ઋધ્ધિ-સિધ્ધિ કલ્યાણકારક મનવાંછિત વિધાન :** માતુશ્રી દમયંતિબેન ધનપતી મૈશેરી • **૫) ઋધ્ધિ-સિધ્ધિ કલ્યાણકારક મનવાંછિત વિધાન :** માતુશ્રી જયાબેન રતનશી ધરમશી • **૬) ઋધ્ધિ-સિધ્ધિ કલ્યાણકારક મનવાંછિત વિધાન :** માતુશ્રી જયાબેન રતનશી ધરમશી • **૭) ઋધ્ધિ-સિધ્ધિ કલ્યાણકારક મનવાંછિત વિધાન :** અ.સૌ. ધનલક્ષ્મીબેન કિશોરભાઈ મોતા • **૮) ૧૦ ગણધર પૂજન :** માતુશ્રી રતનબાઈ દામજી મોમાયા પરિવાર • **૯) ૨૮ લબ્ધિ પૂજન :** માતુશ્રી મધુરીબેન કાંતિલાલ કેશવજી મોતા • **૧૦) અષ્ટમહા સિધ્ધિ પૂજન :** શ્રી આણંદજી રતનશી મૈશેરી પરિવાર • **૧૧) નવ નિધિ પૂજન :** માતુશ્રી જયાબેન રતનશી ધરમશી • **૧૨) ૧૬ વિદ્યાદેવી પૂજન :** કુ. સ્તુતી અને યુક્તી પિયુષ ચિમનલાલ લોડાયા • **૧૩) ૪૫ આગમ પૂજન :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર • **૧૪) ભગવાનની આરતી :** અ.સૌ. મનિષાબેન સાગરભાઈ પટેલ હ. ખુશાલભાઈ • **૧૫) મંગળ દીવો :** અ.સૌ. મનિષાબેન સાગરભાઈ પટેલ હ. ખુશાલભાઈ • **૧૬) ગૌતમ સ્વામિની આરતી :** અ.સૌ. મનિષાબેન સાગરભાઈ પટેલ હ. ખુશાલભાઈ • **૧૭) મંગળ દીવો :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર • **૧૮) શાંતિ કુંભ :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર હ. ભરતભાઈ

## ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે સાધર્મિક ભક્તિના દાતા પરિવારો

**મંગળવાર, તા. ૨૩-૦૫-૨૦૨૩ : નવકારશી :** માતુશ્રી મણીબેન પ્રવિણચંદ્ર મોમાયા પરિવાર હસ્તે ધવલ તથા ધર્મેશ • **બપોરનું ગામ જમણ :** માતુશ્રી લાખબાઈ નરપાર મેઘરાજ લોડાયા પરિવાર હસ્તે માતુશ્રી ધનબાઈ પ્રેમજી નરપાર લોડાયા પરિવાર • **બપોરની ચા :** અ.સૌ. ધનલક્ષ્મીબેન પુનશીભાઈ લોડાયા (રાપર ગઢવારી) • **ચૌવિહાર :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા

**બુધવાર, તા. ૨૪-૦૫-૨૦૨૩ : નવકારશી :** માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ મોમાયા (મોટી સિંધોડી-ઘાટકોપર) • **બપોરનું જમણ :** કુ. એકતા ઉદયન શાહ (મોટી સિંધોડી-મુલુંડ), કુ. ડિમ્પલ શાંતિલાલ વધાન (ત્રંબો-મુલુંડ) • **બપોરની ચા :** માતુશ્રી મુરબાઈ કેશવજી જેઠાભાઈ મોતા (મોટી સિંધોડી-મુલુંડ) • **ચૌવિહાર :** એક સદ્‌ગૃહસ્થ પરિવાર

**ગુરૂવાર, તા. ૨૫-૦૫-૨૦૨૩ : નવકારશી :** માતુશ્રી ખેતબાઈ લધુભાઈ હિરજી લોડાયા હસ્તે શ્રી ચિમનલાલ લોડાયા • **બપોરનું જમણ :** માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી પરિવાર • **બપોરની ચા :** માતુશ્રી મધુરીબેન રાયચંદ છેડા (નલિયા-વાપી) • **ચૌવિહાર :** અ.સૌ. ધનલક્ષ્મીબેન કિશોરભાઈ મોતા પરિવાર

**સર્વે લાભાર્થી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના...**

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ, મોટી સિંધોડી**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૬-૨૦૨૩


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**






**આડી ચાવીઓ :**

૧) નાગકેતુને પ્રભુની પુષ્પપૂજા કરતાં કરતાં ..... કરડ્યો (૨)
૨) યુગલીઓનો રાજા (૪)
૬) એક અષ્ટપ્રકારી પૂજા (૨)
૭) ચૌદમું પાપ સ્થાનક (૨)
૮) મોતીસાગરજી મહારાજ ... છે (૨)
૯) પૂજા માટે વપરાતું એક ફૂલ (૩)
૧૦) કુરગડુ મુનીના પાત્રમાં બીજા મુનીઓએ શું નાખ્યું (૨)
૧૧) ઈંદ્રની સભાના સભાસદ (૩)
૧૨) વરસીતપના પારણા શેરડીના .....થી કરાવવામાં આવે (૨)
૧૩) જૈન ધર્મમાં ....નું ખૂબજ મહત્ત્વ છે. (૪)
૧૯) દેવલોકના એક ઘંટનું નામ (૩)
૨૦) રાજસ્થાનનું નવલખા પાર્શ્વનાથનું તીર્થ (૨)
૨૧) એક તપનું નામ (૨)
૨૨) છઠ્ઠા આરામાં મનુષ્યનું રહેવાનું સ્થાન (૨)
૨૬) જૈન ધર્મના મુખ્ય શાસ્ત્રગ્રંથ (૩)
૨૮) પાપકર્મો બાંધવાનું મૂળ .... છે. (૨)
૩૦) મધ્યપ્રદેશમાં આવેલ તીર્થ અને મુળનાયક એક નામના છે. (૪)
૩૨) એક અનંતકાય (૪)
૩૪) પૂનામાં સંભવનનાથનું જીનાલય આ આકારનું છે (૨)
૩૫) શીતલનાથના પિતાનું નામ (૪)

**ઊભી ચાવીઓ :**

૧) દિગંબર આચાર્ય કુંદકુંદ સ્વામી રચિત ગ્રંથ (૫)
૨) આંધ્ર પ્રદેશમાં આવેલ આદેશ્વર ભગવાનનું તીર્થ (૫)
૩) આ યક્ષ શત્રુંજયના રક્ષક છે (૩)
૪) પાટણમાં આવેલ એક પાર્શ્વનાથ (૨)
૫) પાંચ કોડીને .... પામ્યા દેશ અઢાર, રાજા કુમારપાળનો વર્તો જય જય કાર (૩)
૭) ગુજરાતમાં આવેલ તીર્થ અને મુળ નાયકનું નામ એક જ છે (૩)
૧૪) લલીતા દેવી કોના પત્ની હતા (૪)
૧૫) હમણાં ગીરનારની પણ નવાણુંની .... થાય છે. (૨)
૧૬) ગિરનાર ઉપર કઈ દેવી આજે પણ સાક્ષાત બિરાજમાન છે (૩)
૧૮) રંગે રમે આનંદે રમે, આજ દેવ ..... ઓ રંગે રમે (૨)
૧૯) કાકંદીમાં આ પ્રભુના ચાર કલ્યાણકો થયા છે (૫)
૨૩) એક પાપ સ્થાનક (૨)
૨૪) આવતી ચોવીસીના બારમા તીર્થંકરનું નામ (૩)
૨૫) વીસ વિહરમાનમાંનાં એક તિર્થંકર (૩)
૨૬) આ શ્રાવકને ગૌતમ સ્વામી મિચ્છામી દુક્કડમ કહેવા ગયા હતા (૩)
૨૦) એક લાંછન (૩)
૨૯) પાપ ભોગવવાનું સ્થળ (૩)
૩૧) પાલીતાણામાં આવેલ આ આકારનું જીનાલય (૨)
૩૩) આ આકારનું જીનાલય હોય (૨)

